# ધાનેરામાંથી ધોળા દિવસે યુવક બોલેરો કેમ્પરની ચોરી કરી ભાગ્યો

## પકડાઈ જવાની બીકે બેફામ ગાડી હંકારી શાળાના બાળકો સહીત અન્ય લોકોને પણ લીધા અડફેટે

ધાનેરા, તા. ૧૩

ધાનેરામાંથી ધોળા દિવસે બોલેરો કેમ્પર ગાડીની ઉઠાંતરી કરી યુવક ભાગ્યો હતો અને તે પકડાઈ જવાના ડરે શાળાના વિદ્યાર્થીઓ સહીત અન્ય લોકોને અડફેટે લીધા હતા અને તે બાદ ગાડી કરિયાણાના દુકાનમાં ઘુસી જતા ગાડી ચોર ઈસમ પકડાઈ જવા પામ્યો હતો અને પકડાયેલા ઈસમને લોકોએ મેથીપાક ચખાડી ધાનેરા પોલીસને સોંપ્યો હતો.



ધાનેરા સહીત સમગ્ર બનાસકાંઠા જિલ્લામાં વાહન ચોરીના બનાવોમાં દિનપ્રતિદિન વધારો જોવા મળી રહ્યો છે ત્યારે હવે તો ધોળા દિવસે પણ વાહનોની ઉઠાંતરી થતા લોકોમાં ભારે ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. ધાનેરા તાલુકા પંચાયત નજીક પડી રહેલી જીજે.૧૨.વાય.૧૧૧૫ નંબરની બોલેરો કેમ્પર ગાડી પાંચ વાગ્યાના સમયે કોઈ અજાણ્યો ઈસમ ચોરીને ભાગ્યો હતો અને આ ઈસમ પકડાઈ ન જાય તે માટે ભર બજારે બેફામ ગાડી લઈને ભાગતા લોકોના જીવ તાળવે ચોંટી ગયા હતા. પાંચ વાગ્યાના સમયે શાળા છૂટતા બાળકો પણ રસ્તા ઉપરથી પસાર થઈ રહ્યા હતા તે સમયે આ ચોરે બે બાળકો સહીત અન્ય લોકોને અડફેટે નાની મોટી ઈજા થવા પામી હતી અને તે બાદ આ ચોરે એક કરિયાણા દુકાનમાં ગાડી ઘુસાડી દેતા કરિયાણાનો માલસમાન રસ્તા ઉપર વેરાયો હતો અને આ ઈસમને લોકોએ ઝડપી તેની ધુલાઈ કરી હતી અને તે બાદ ધાનેરા પોલીસને જાણ કરતા ધાનેરા પોલીસ પણ તાત્કાલિક ઘટનાસ્થળે આવી પહોંચી અને ચોર ઈસમ સહીત ગાડીને ધાનેરા પોલીસ મથકમાં લાવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.






## નાબાર્ડનો ૩૭મો સ્થાપના દિન ઉજવ્યો

ગ્રામ વિકાસ અને ખેતીલક્ષી અર્થતંત્રને વેગ આપવા ૧૯૮૨માં સ્થપાયેલ નાબાર્ડે આજે તેનો ૩૭મો સ્થાપના દિન ધાનેરા તાલુકાના જાડી મુકામે ઉજવ્યો હતો. બનાસકાંઠા જિલ્લાના નાબાર્ડના ડીડીએમ અજીતભાઈ દીઘેએ ઉપસ્થિત ગ્રામજનોને નાબાર્ડની ખેડૂતલક્ષી યોજનાઓ અને ગ્રામ્ય વિકાસ યોજનાઓ બાબતે માહિતી પુરી પાડી હતી. વધુમાં તેમણે જણાવ્યુ હતું કે ૧૯૮૨માં ખેડૂતો અને ગ્રામ વિકાસ ઉપર પુરતુ ધ્યાન આપવા રીઝર્વ બેંકમાંથી અલગ પાડીને નાબાર્ડની સ્થાપના કરવામાં આવી હતી. સમગ્ર દેશણાં નાબાર્ડ ખેડૂતલક્ષી ધિરાણો, પશુપાલન, નાણાકીય સાક્ષરતા, આધુનિક બેંકિંગ સેવાઓ જેવા અનેક કાર્યો કરી રહી છે. બનાસબેંકના માધ્યમથી ખેડૂતલક્ષી વિવિધ યોજનાઓનો લાભ લેવા તેમણે અપીલ કરી હતી. બનાસબેંકના સીની. ઓફિસર સચિનભાઈ મોઢે નાબાર્ડને બનાસબેંક પરિવારવતી ૩૭મા સ્થાપના દિને શુભેચ્છા પાઠવી હતી તેમજ કેશલેસ વ્યવહારો તથા બેંકિંગ અદ્યતન ટેકનોલોજી, બેંકની ધિરાણ યોજનાઓ ઉપરાંત પ્રધાનમંત્રી સુરક્ષા વિમા યોજના, પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વિમા યોજના અને અટલ પેન્શન યોજનાઓ વિશે માહિતી પુરી પાડી બનાસબેંકની શાખાઓ થકી આ યોજનાઓનો લાભ લઈ શકાય છે.

# આજે મોડાસામાં ભવ્ય રથયાત્રા

મોડાસા શહેરમાં નીકળનારી ૩૬મી રથયાત્રાને લઈને છેલ્લા કેટલાક દિવસોથી મોડાસાના શ્રી ગોવર્ધનનાથજી મંદિર ટ્રસ્ટ સંચાલિત બાલકદાસજી મહારાજ મંદિરમાં રથયાત્રા ઉત્સવ સમિતિ દ્વારા તડામાર તૈયારીઓ આદરી પૂર્ણ કરી દેવામાં આવી છે. રથયાત્રાની આતુરતાપૂર્વક રાહ જોતા ભક્તજનોની અતુરતાતાનો અંત આજે ખુદ ભગવાન જગન્નાથ દર્શન આપવા નીકળશે. ભગવાનના વધામણાં કરવા શહેરીજનો સહીત જીલ્લાવાસીઓમાં ઉત્સાહ અને થનગનાટ જોવા મળી રહ્યો છે.



૩૬મી રથયાત્રામાં ભગવાન જગન્નાથ નવા રથમાં બિરાજી અષાઢી બીજ શનિવારે શહેરની યાત્રાએ નીકળવાના હોવાથી ભક્તોમાં અનેરો ઉત્સાહ અને ભકિતભાવ ભર્યો માહોલ સર્જાયો છે. શુક્રવારે ભાવસારવાડામાં શ્રી હિંગળાજ ભજન મંડળ તથા આનંદનો ગરબો ગ્રુપ દ્વારા ભગવાન જગન્નાથના મામેરાના યજમાન અલ્કાબેન વિનોદકુમાર ભાવસાર પરિવાર દ્વારા અર્પણ કરાયુંહતું. મામેરા પ્રસંગે મોટી સંખ્યામાં ભાવસાર સમાજની મહિલાઓ સહીત ભજન મંડળની ટીમો ઉપસ્થિત રહી ભજનની રમઝટ બોલાવતા ભક્તિભર્યો માહોલ પેદા થયો હતો.

રથયાત્રામાં મોટી સંખ્યામાં વિવિધ ટેબ્લો, અખાડાવાળા અને ભજનમંડળીઓ અને સામાજિક અને સેવાકીય સંસ્થાઓ જોડાશે.

## અનંત(ત્રિપદા) ચેરિટેબલ ટ્રસ્ટ પરિવાર ૫૧મી રથયાત્રા ધામધૂમપૂર્વક ઉજવશે

'ત્રિપદા એજ્યુકેશન ટ્રસ્ટ' એ શૈક્ષણિક પ્રવૃત્તિઓ અને તેના દ્વારા ચાલતી ઘણી સમાજ સેવાના કાર્યોમાં જોડાયેલી સંસ્થા છે. સંસ્થાના સ્થાપક અને પ્રણેતા લાભશંકર પી. ભટ્ટ જેમને આપણે 'દાદાજી' તરીકે ઓળખીએ છીએ તેમણે 'બાળ રથયાત્રા'ની શરૂઆત ૧૯૬૮માં કરી હતી. ને પોતાના જીવનના સુત્ર બનાવી અને સખત પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી હોતો એવું માની દાદાજી આગળ વધતા રહ્યા અને તેનું પરિણામ છે 'ત્રિપદા એજ્યુકેશન ટ્રસ્ટ'.

સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી અર્ચિતભાઈ એલ. ભટ્ટે જણાવ્યું હતું કે, 'ત્રિપદા પરિવાર' દ્વારા અમદાવાદના પશ્ચિમ વિસ્તારમાં ૧૯૬૮થી શરૂ કરવામાં આવેલી બાળ રથયાત્રાની સતત ૫૧માં વર્ષે ઉજવણી કરવામાં અમે અત્યંત આનંદની લાગણી અનુભવીએ છીએ. વર્ષ ૨૦૧૮ની રથયાત્રા ખુબજ અનોખી રીતે ઉજવવા જઈ રહ્યા છીએ. જેમાં અમદાવાના પ્રતિષ્ઠિત એવા ૧૫ વ્યક્તિઓ અને નામાંકિત સંસ્થાઓ સહભાગી થઈ છે. તા. ૧૪મી જુલાઈ અષાઢી બીજના દિવસે સવારે ૬:૩૦ કલાકે ત્રિપદા પરિવાર અને પશ્ચિમ વિસ્તારના શ્રદ્ધાળુઓ દ્વારા ભગવાન જગન્નાથ, ભાઈ બળભદ્ર અને બહેન સુભદ્રાની મહાઆરતી કર્યા બાદ ૭ કલાકે રથયાત્રાનું પ્રસ્થાન નિલકંઠ મહાદેવથી કરવામાં આવશે.

આ રથયાત્રા સવારે ૬:૩૦ કલાકે ત્રિપદા હાઈસ્કૂલ ખાતેથી નિકળી વિવિધ વિસ્તારોમાં ફરશે.

### ધાનેરાના બેલીમવાસ અને સુભાષ રોડ વિસ્તારમાં અરાજકતા

# પાંચ દિવસથી અજાણ્યા ઈસમોએ ઘર પર પથ્થર ફેંકી લોકોની ઊંઘ હરામ કરી

ધાનેરા, તા. ૧૩

ધાનેરામાં આવેલા બેલીમવાસ વિસ્તારમાં છેલ્લા દસ દિવસથી કોઈ અજાણ્યા ઈસમ દ્વારા લોકોના ઘર ઉપર પથ્થર ફેકતા લોકોની ઊંઘ હરામ થઈ ગઈ છે. ત્યારે આ બાબતે તંત્ર તટસ્થ તપાસ કરે તેવી લોક માંગ ઉઠવા પામી છે.



ધાનેરાના બેલીમ વાસ અને સુભાષ રોડ ઉપર રહેતા લોકોની ઊંઘ હરામ થઈ ગઈ છે. કોઈ અસામાજિક તત્વો દ્વારા લોકોને પરેશાન કરવા માટે લોકોના ઘર ઉપર મોટા મોટા પથ્થરો ફેંકવામાં આવી રહ્યા છે તેને લઈ લોકોમાં પણ ભારે ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. આ વિસ્તારના લોકો રાત્રે ઊંઘવાના બદલે જાગરણ કરે છે. રાત્રીના સમયે કોઈ અજાણ્યા ઈસમો આવી લોકોના ઘર ઉપર પથ્થર ફેંકે છે.

છેલ્લા દસ દિવસથી લોકો ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે ત્યારે લોકો પણ જણાવી રહ્યા છે કે આ પથ્થરો જે અમારા ઘર ઉપર આવે તે પથથર જો કોઈને લાગે તો જીવ ગુમાવાનો પણ વારો આવે. ગત રાત્રે મોટી સંખ્યામાં લોકો ભેગા થયા હતા અને અને આ બાબતે ધાનેરા પોલીસને પણ જાણ કરી હતી. ધાનેરા પોલીસની ટિમ પણ તાત્કાલિક ઘટના સ્થળે આવી પહોંચી હતી પરંતુ પથ્થર ફેંકનાર ન પકડાતા લોકોને આખી રાત જાગવું પડ્યું હતું. પહેલા ચોટલા કાપવાની અફવા અને તે બાદ બાળકો ઉપાડી જતી ગેંગની અફવાથી તો લોકો ભયભીત હતા જ પણ આજે ધાનેરા કેટલાક વિસ્તારોમાં રાત્રીના સમયે પથ્થરો આવતા હોવાથી પણ લોકો ભયભીત બન્યા છે ત્યારે આ બાબતે તંત્ર જાગૃત બને અને તાત્કાલિક કાર્યવાહી કરે તેવી લોક માંગ ઉઠવા પામી છે.

# સાબરકાંઠા બેંકની અઢાર પૈકી પાંચ બેઠકોની ચૂંટણી યોજાઈ

## બે દૂધ મંડળી અને ત્રણ સહકારી વિભાગની ચૂંટણી યોજાઈ : બાયડ, વિજયનગર, ઇડર ખાતે સહકારી વિભાગની તથા ઉત્તર-દક્ષિણ ખાતે દૂધ મંડળીની ચૂંટણી યોજાઈ : ૧૩ ઉમેદવારોનું ભાવી મત પેટીમાં સીલ : ૯૭૭ મતદારો ૧૩ ઉમેદવારોનુ મત આપીને ભાવી નક્કી કરશે

પ્રાંતિજ, તા. ૧૩

સાબરકાંઠા જિલ્લા સહકારી કો. ઓપરેટીવ બેંકની અઢાર અઢાર બેઠકો પૈકી તેર બેઠકો બીન હરીફ થયા બાદ આજે પાંચ બેઠકો માટેની ચૂંટણી ચૂંટણી અધિકારી એ.આર. ચૌધરીના અધ્યસ્થાને શાંતિપૂર્ણ વાતાવરણમાં યોજાઈ.

છેલ્લા એક મહિનાથી સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લાના ખેડૂતો અને પશુપાલકો માટે આર્થિક આધાર ગણાતી સાબરકાંઠા બેંકની ચૂંટણીને લઈને સ્થાનિક રાજકારણમાં ગરમાવો વ્યાપ્યો હતો. ૧૮ બેઠકોમાંથી ૧૩ બેઠકો બિન હરીફ થતાં આજે પાંચ બેઠકો માટે ૧૩ ઉમેદવારો વચ્ચે જંગ ખેલાયો હતો. સહકારી ત્રણ બેઠકો માટે ૭ ઉમેદવારો જેમાં અ-૪, બાયડ-બે ઉમેદવારો માટે ૪૧ મતદારો, અ-૬, ઈડર - ત્રણ ઉમેદવારો માટે - ૮૧ મતદારો, અ-૮, વિજયનગર - બે ઉમેદવારો માટે



- ૧૯ મતદારો તથા દૂધ મંડળી માટે - ૬ ઉમેદવારો જેમાં ઉત્તર-દક્ષિણ ખાતે જેમાં ક-૧૫ ઉત્તર દૂધ મંડળી ખાતે - બે ઉમેદવારો માટે - ૩૯૬ મતદારો તથા ક-૧૬ દક્ષિણ દૂધ મંડળી માટે - ૪ ઉમેદવારો માટે - ૪૪૦ મતદારો મતદાન કરશે. કુલ - ૧૩ ઉમેદવારોનુ ભાવી ૯૭૭ મતદારો દ્વારા મતદાન કરી ઉમેદવારોનું ભાવી શીલ કર્યું હતું. પ્રાંતિજ દક્ષિણ વિભાગમાં અરવલ્લી - સાબરકાંઠા સાંસદ દિપસિંહ રાઠોડ તથા સાબરકાંઠા બેંકના ચેરમેન મહેશભાઈ અમીચંદભાઈ પટેલે પ્રાંતિજ ખાતે તાલુકા સેવાસદન ખાતે દૂધ મંડળી વિભાગમાં મતદાન કરી પોતાના મતાઅધિકારનો ઉપયોગ કર્યો હતો. મતગણતરી રવિવારના રોજ યોજાશે.



# મોડાસાના સબલપુરમાં આવેલ ચારણનગરની આંગણવાડી જર્જરિત

મોડાસા, તા. ૧૩

આંગણવાડી થકી બાળકોના વિકાસ માટે તંત્ર દ્વારા મોટા મોટા દાવાઓ કરવામાં આવે છે તેમ છતાં સમગ્ર રાજ્ય અને અરવલ્લી જિલ્લામાં કેટલીક આંગણવાડીઓ જર્જરિત હાલતમાં હોવા છતાં નવી આંગણવાડી ન બનતા લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે. મોડાસા તાલુકાના સબલપુરમાં આવેલા ચારણનગરની આંગણવાડી કેન્દ્રનું મકાન છેલ્લા એક વર્ષથી જર્જરિત હાલતમાં છે.

પણ નવું નિર્માણકાર્ય ન થતાં ગ્રામજનોમાં રોષ વ્યાપી ગયો છે. એક વર્ષ પહેલા આંગણવાડીને ખાલી કરી ભાડાના મકાનમાં ચલાવવામાં આવી રહી છે અને જર્જરિત હાલતની આંગણવાડી તંત્ર દ્વારા જૈસે થે સ્થિતિમાં જ રાખવામાં આવી છે. ગ્રામજનોએ આક્ષેપ કર્યો છે કે, અનેક રજૂઆત કરવા છતાં પણ નવી



આંગણવાડીનું મકાન કાર્ય શરૂ ન થતાં લોકો રોષે ભરાયા છે. મહત્વનું છે કે, હાલનું જે મકાનમાં બાળકો અભ્યાસ કરી રહ્યા છે ત્યાં પણ કોઈ પ્રકારની સુવિધાઓ નથી અને બાળકોને હાલાકી પડી રહી હોય તેવું લાગી રહ્યું છે. તંત્ર ગ્રામજનોની ચિંતા ન કરે પણ નાના ભુલકાઓની ચિંતા કરી નવી આંગણવાડીનું નિર્માણકાર્ય શરૂ કરે તેવી માંગ ગ્રામજનો દ્વારા કરવામાં આવી રહી છે પરંતુ જવાબદાર તંત્રનું પેટનું પાણી પણ ન હલતા લોકોમાં ઉગ્ર રોષ ફેલાયો છે.

## ખેડબ્રહ્મા પોલીસે ૬,૬૧,૭૦૦નો મુદ્દામાલ ઝડપ્યો

ખેડબ્રહ્મા, તા. ૧૩

ખેડબ્રહ્મા પોલીસ દારૂની હેરાફેરી રોકવા રાત્રી પેટ્રોલીગ કરતી હતી ત્યારે એક બાતમીવાળી કાર ઝપડી પાડતાં અંદરથી વિદેશી દારૂ સાથે ૩ ઈસમોને ઝડપી પાડ્યા હતા.

ખેડબ્રહ્મામા બુધવાર રાત્રીના સમયે પી.એસ.આઈ. એ.ડી. પારમાર અને સ્ટાફ પેટ્રોલિંગ કરી રહ્યા હતા ત્યારે બાતમી મળી હતી કે ખેડવા બાજુ એક કાર દારૂ ભરી આવી રહી છે. ત્યારે ખેડવા આઉટ પોસ્ટ પાસે રોડ બ્લોક કરેલ ત્યારે બાતમીવાળી કાર ન. જી.જે. ૧.કેસી. ૧૬૪૪ આવતા તેને ઉભી રખાવતા તેમાંથી ઈંગ્લીશ દારૂની બોટલો ૬૬૦ નંગ તથા બિયર ટીન ૧૯૨ કુલ ૮૫૨નંગની કિંમત ૧,૫૧,૨૦૦ તથા બે મોબાઈલ ૧૦૫૦૦, અને કાર ૫,૦૦,૦૦૦ મળી કુલ ૬,૬૧,૭૦૦ના મુદ્દામાલ સાથે સ્નેહલગીરી દશરથગીરી ગોસ્વામી રહે. રકાનપુર, કલોલ, રાજુભાઈ રમેશભાઈ રાવળ, રહે. કુકરવાળા, રામશંકર મહેન્દ્રસિંહ વણજાર રહે. કનોજ યુ.પી.નાને પકડી પાડ્યા હતા.

# પાલનપુરની જી.ડી. મોદી કોલેજમાં કોમર્સ પ્રવાહમાંથી આંકડાશાસ્ત્ર રદ કરતા વિદ્યાર્થીઓ દ્વારા તોડફોડ

પાલનપુર ખાતે આવેલ જી.ડી.મોદી કોલેજમાં કોમર્સ વિભાગમાં આંકડા શાસ્ત્ર વિષય રદ કરાતા બાબતે આજે NSUI નાં કાર્યકરો એ હોબાળો મચાવ્યો હતો.મોટી સંખ્યા મા આવેલા NSUIનાં કાર્યકરોએ દ્વારા કોલેજમાં પ્રિન્સિપાલ સહીત વહીવટ વિરૂધ્ધ સુત્રોચ્ચાર બોલાવ્યા બાદ પ્રિન્સિપાલ મે આવેદનપત્ર આપવા પહોંચ્યા હતાં જે સમયે કાર્યકરો અને પ્રિન્સિપાલ વચ્ચે બોલાચાલી થતા કાર્યકરો અને વિદ્યાર્થીઓ એ કૉલેજ મા પ્રિન્સિપાલ ની ચેમ્બર અને બહાર તોડફોડ કરી હતી જોકે આ બાબત ની જાણ પોલીસ ને થતા પોલીસ ઘટના સ્થળે દોડી આવી તપાસ હાથ ધરી છે.




બનાસકાંઠા નાં પાલનપુર મા આવેલ જી ડી મોદી કૉલેજ મા કોમર્સ વિભાગ મા આંકડાશાસ્ત્ર વિષય કાઢી નાખવામાં આવતાં અને કૉલેજ મા વિકાસ માટે ડિપોઝીટ ની માગ કરતા NSUIનાં કાર્યકરો આજે વિરોધ પ્રદર્શન કર્યું હતુ NSUIનાં કાર્યકરો એ ઝંડીઓ ફરકાવી કરાયો વિરોધ નોંધાવ્યા બાદ પ્રિન્સિપાલ ને આવેદનપત્ર આપવા પહોંચ્યા હતાં જયાં પ્રિન્સિપાલ અને NSUIનાં કાર્યકરો અને વિધાર્થીઓ વચ્ચે બોલાચાલી થતા કાર્યકરો અને વિદ્યાર્થીઓ એ પ્રિન્સિપાલ નાં ચેમ્બર અને બહાર ખુરશીઓ અને દરવાજા ની તોડફોડ કરી હતી જોકે પ્રિન્સિપાલ એ પોલીસ ને જાણ કરતા પોલીસ ઘટના સ્થળ દોડી આવી હતી આ બાબતે કૉલેજ નાં પ્રોન્સિપાલ એ જણાવ્યુંહતુ કે NSUIનાં કાર્યકરો એ કૉલેજ મા આવી તોડફોડ કરી છે અને આ મામલે અમે પોલીસ ફરીયાદ નોધાવિશુ NSUIનાં કાર્યકરો અને વિધાર્થીઓ એ પ્રિન્સિપાલ દ્વારા અસભ્ય વર્તન કરેલ અને કાર્યકરો ને ખુરસી પર બેસવા તેમજ પાંચ કાર્યકરો સિવાય બાધા ને બહાર કાઢી મુકતા કાર્યકરો અને વિધાર્થીઓ ઉશ્કેરાઈ ગયા હતાં. તોડફોડ કરી હતી.જોકે NSUI દ્વારા કૉલેજ નાં પ્રિન્સિપાલ સામે લેખિત મા ફરીયાદ આપી છે.

## મોડાસા રૂરલ પોલીસે રાજેન્દ્રનગર ચોકડી નજીક ઈકો કારમાંથી વિદેશી દારૂ ઝડપી ૨ શખ્સો દબોચ્યા

મોડાસા, તા. ૧૩

અમદાવાદ-ઉદેપુર નેશનલ હાઈવે નં-૮ પર આવેલી રાજેન્દ્રનગર ચોકડી પરથી મોડાસા રૂરલ પોલીસે ગુરુવારે રાત્રીના ૨ વાગ્યાના સુમારે નાકાબંધી કરી રાજસ્થાન તરફથી આવતી ઈકો કાર (ગાડી.નં-જીજે.૨૭. બીએલ. ૪૪૧૯)માં વચ્ચેની તથા પાછળની સીટમાં ગેરકાયદેસર વગર પાસ પરમીટની વિદેશી દારૂની નાની મોટી બોટલો નંગ-૩૪૮ કિં. રૂ. ૩૮૪૦૦નો જથ્થો જપ્ત કરી કારચાલક વિપુલ દિનેશ પટેલ (રહે. અંકુર સોસાયટી, કૃષ્ણનગર, અમદાવાદ) તથા નૈમેષ નિલેશ ગાગડેકર (રહે. ૪૦ કુબેરનગર ફાટક નજીક અમદાવાદ)ને ઝડપી પાડી બંને પાસેથી જપ્ત કરેલ મોબાઈલ-૨ કિં. રૂ. ૨૫૦૦ તથા રોકડ રકમ રૂ. ૫૦૦ અને ઈકો કારની કિં. રૂ. ૩૦૦૦૦૦ મળી કુલ રૂ. ૩૪૧૪૦૦નો મુદ્દામાલ ઝડપી પાડી અન્ય ફરાર આરોપી જયેશ નામના બુટલેગર વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

## રાજેન્દ્રનગર ચોકડી નજીક કાર-બાઈક વચ્ચે ટક્કર : બે વ્યક્તિઓ ઈજાગ્રસ્ત

મોડાસા, તા. ૧૩

રાજેન્દ્રનગર ચોકડી પર શુક્રવારે કારે બાઈકને અડફેટે લેતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. રાજસ્થાનના બે રહીશો બાઈક લઈ કામકાજ અર્થે અમદાવાદ જવા રાજેન્દ્રનગર ચોકડી નજીકથી પસાર થતા હિંમતનગર તરફથી આવતી વેગનઆર કારના ચાલકે મોડાસા તરફ ગફલતભરી રીતે વળાંકમાં હંકારતા બાઈકને ધડાકાભેર ટક્કર મારતા બાઈકચાલક સહીત પાછળ બેઠેલ વ્યક્તિ રોડ પર પટકાતા શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા અકસ્માતના પગલે દોડી આવેલા લોકોએ બંને ઈજાગ્રસ્તોને હાઈવે એમ્બ્યુલન્સ મારફતે ગાંભોઈ સરકારી દવાખાને સારવાર અર્થે ખસેડ્યા હતા. કારની ટક્કરે બાઈકના આગળના ભાગના ભુક્કે ભુક્કા બોલાઈ ગયા હતા.